પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-10-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

---

**ROJGAR MELA**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સરકારે આત્મનિર્ભર ભારત પર નોંધપાત્ર કામગીરી કરી છે અને અવકાશથી માંડીને ઇલેક્ટ્રિક વ્હિકલ સુધીની નવી ટેકનોલોજી સહિતનાં તમામ ક્ષેત્રોમાં મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપ્યું છે.

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનાં વિતરણ દરમિયાન આ પ્રમાણે જણાવ્યું હતું. વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકાર દેશનાં યુવાનોને મહત્તમ રોજગારી પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે.

આ પ્રસંગે અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં અમદાવાદના સંસદ સભ્ય હસમુખ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ રોજગાર મેળામાં આવકવેરા વિભાગ ટપાલ વિભાગ અને રેલવેના કુલ 78 ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્રના ૮૩ ઉમેદવારોને પોસ્ટમાં અને બે ઉમેદવારોને રેલવેમાં નોકરીના નિમણૂક પત્રો એનાયત કરાયા છે. રાજકોટમાં સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી આર પાટિલના હસ્તે સૌરાષ્ટ્રના કુલ 85 ઉમેદવારોને નોકરીના નિમણૂક પત્રો એનાયત કરયા હતા. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સરકારી નોકરીઓ હવે પારદર્શક રીતે મળી રહી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સરકારી સેવા ખરા આર્થમાં પ્રજાના સેવક બનવાનું ઉત્તમ માધ્યમ છે.

**RUN FOR UNITY- CM+ OVERALL**

કેન્દ્ર સરકારે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. આ પ્રસંગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજથી 'રન ફોર યુનિટી'નો પ્રારંભ થયો છે. અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'રન ફોર યુનિટી'ને ફ્લેગ ઑફ કરાવી હતી. આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સ્વપ્નને સાકાર કર્યું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજીત આ દૌડ કુલ 3.0 કિલોમીટર અંતરની હતી. જેમાં અંદાજીત 2500 જેટલા લોકો જોડાયા હતા.

જૂનાગઢના અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા, કેશોદના ધારાસભ્ય દેવા માલમ, જિલ્લા કલેક્ટર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં એકતા દૌડનું આયોજન કરાયું હતું. આ દૌડ બહાઉદીન કૉલેજથી શરૂ કરીને સરદાર ચોક ખાતે પૂર્ણ થઈ હતી.

મહિસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે, લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડથી જિલ્લા સેવા સદન સુધી એકતા દૌડનું આયોજન કરાયું હતું. આ દૌડમાં અધિકારીઓ, પોલીસ જવાનો, કર્મચારીઓએ રાષ્ટ્રીય એકતાને સુદ્રઢ બનાવવા માટેના સંકલ્પ લીધા હતા.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસા શહેરના માલપુર રોડ ખાતે રન ફોર યુનિટીનું આયોજન કરાયુ હતું.

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, આજે વહેલી સવારે જિલ્લા કલેક્ટર મહેશ પટેલ દ્વારા આહવાના મહાત્મા ગાંધી ઉદ્યાનથી ‘રન ફોર યુનિટી’નું પ્રસ્થાન કરાવાયું. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને નાગરિકોએ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કર્યા હતા.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, આતાભાઈ ચોકથી સંસ્કાર મંડળ- વિલિંગ્ટન સર્કલ- સેન્ટ્રલ સોલ્ટ ગુલિસ્તા થઈને આતાભાઈ ચોક સુધી દૌડની પૂર્ણાહૂતિ થઈ હતી.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, બીલીમોરામાં ગણદેવીના ધારાસભ્ય નરેશ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની એકતા દૌડ યોજાઈ હતી. 150 જેટલા યુવાનોમાંથી જુદી જુદી શ્રેણીમાં ચંદ્રકો એનાયત કરાયા હતા.

**DHANTERAS**

આજે રાજ્યભરમાં ધનતેરસ અને ધન્વંતરી તેરસની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે ધન્વંતરી ભગવાનની મહાપુજા, અભિષેક, મહાઆરતી, અમૃત કળશકુંભ સ્થાપના, પાટોત્સવ વિષ્ણુયજ્ઞ સહિતના ધન્વંતરી વંદનાના ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધી દિનેશ પરમાર જણાવે છે કે, સુરેન્દ્રનગરમાં ધન્વંતરી તેરસ અને “રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ”ની ઉજવણી કરવામાં આવી હતી. જેલ ચોક ખાતેનાં આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે યોગ શિબિર, ભગવાન શ્રી ધન્વંતરી હવન અને ભક્તો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સવારે આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિ દ્વારા સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો.

અમારા જામનગરના પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે, ITRA ખાતે આયુર્વેદ દિવસ અને ધન્વંતરી જયંતી નિમિત્તે ધન્વંતરીજીનું પૂજન કરવામાં આવ્યું હતું.

**C.UDEPUR- DAM DARVAJA**

છોટાઉદેપુર જિલ્લામાં સુખી ડેમના દરવાજા ખોલી ભારજ નદીમાં પાણી છોડવામાં આવ્યું. ડેમમાં પાણીની આવકને જોતા ડેમ 100 ટકા ભરાઈ જતા ગેટ નંબર પાંચને 15 સેન્ટી મિટર જેટલો ખોલી, 522 ક્યૂસેક પાણી ભારજ નદીમાં છોડવામાં આવ્યું હતું. જેને પગલે સિહોદ પાસે જનતા ડાઇવર્ઝન હાલ પૂરતું બંધ કરવામાં આવ્યું હતું.

**A'VAD- KESHOD- VIMAN SEVA**

સોમનાથ અને સાસણગીર જવા ઇચ્છતા પ્રવાસીઓની સુવિધા માટે આજથી અમદાવાદ અને કેસોદ વચ્ચે વિમાન સેવાનો શુંભારંભ થયો છે. વિમાન મુસાફરી કરીને કેશોદ પહોંચનારા શ્રદ્ધાળુઓને સોમનાથ ટ્રસ્ટ દ્વારા કેશોદથી સોમનાથ મંદિર સુધીની નિશુલ્ક બસ સેવાનો લાભ પણ મળશે. સપ્તાહમાં ત્રણ દિવસ એટલે કે મંગળવાર, ગુરુવાર તેમજ શનિવારે વિમાન સેવા માટેની ટિકિટ બૂક કરી શકાશે. અમદાવાદથી સવારે 10 વાગીને 10 મિનિટે આ ફ્લાઇટ ટેક ઑફ કરશે, અને 10.55 વાગ્યે કેશોદ પહોંચશે. કેશોદથી બપોરે સવા એકે ટેક ઓફ કરીને અઢી વાગે અમદાવાદ પરત ફરશે.